

સમાજ નામનો પદાર્થ સત્યના માર્ગમાં જબરદસ્ત અંતરાય ઊભો કરે છે.
– રવીન્દ્રનાથ ટાગોર

# આરુષિ કેસ તો વધુ ગૂંચવાઈ ગયો

**અગાઉ** પણ એવું બન્યું છે, અને ગુરુવારે ફરી પાછું ઇતિહાસનું પુનરાવર્તન થયેલું જોવા અને જાણવા મળ્યું કે, દેશની એક ઉચ્ચ અદાલતે સીબીઆઇ, સીબીઆઈ કોર્ટ અને પોલીસને શંકાના પિંજરામાં ઊભાં રાખી દીધાં. હા, વાત છે ૧૪ વર્ષની માસૂમ આરુષિ હત્યા કેસમાં અલાહાબાદ હાઈકોર્ટે આપેલા ચુકાદાની! કેટલા સવાલ ઊભા થાય છે, એ હત્યા કેસમાં, જેમાં પોલીસ તપાસ અને ફરિયાદના પગલે કોઈ અન્યની ધરપકડ થાય, એ પુરાવાના અભાવે છૂટી જાય! સીબીઆઈ તેની તપાસ દરમિયાન આરુષિના માતા-પિતાને શંકાના દાયરામાં લે, પુરાવા તેમની વિરુદ્ધ ત્યારે પણ નહોતા અને આજે પણ નથી, છતાં સીબીઆઈ કોર્ટે આરુષિના માતા-પિતાને દોષી જાહેર કરીને આજીવન કારાવાસની સજા ફટકારી દે! સવાલોના જવાબમાં માત્ર શંકા જ જન્મે છે! આટલા વર્ષો પછી, પોલીસ કે સીબીઆઈ આરુષિના હત્યારાને શોધી ન શકી, અને તપાસ પૂરી કરી, નિર્દોષ વ્યક્તિઓને હત્યારા બનાવી સજા અપાવી દે! આઘાતજનક બાબત ગણાય.

૧૬મી મે ૨૦૦૮ની સવાર. દિલ્હીના નોઈડા વિસ્તારમાં આવેલા ડૉ. રાજેશ તલવાર અને ડૉ. શ્રીમતી નૂપુર તલવારના બંગલા જલવાયુ વિહારમાં તેઓ ઘરમાં હાજર હતા તે દરમિયાન, તેમની ૧૪ વર્ષની પુત્રી આરુષિની તેનાજ શયનખંડમાં હત્યા થઈ હતી. તેનું ગળું ચીરી નાખી, માથામાં પ્રહાર કરીને મારી નાંખવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. તલવાર પરિવારની સાથે જ રહેતા ઘરનોકર હેમરાજ બંજાડે સામે શંકાની સોઈ ચિંધાઈ હતી, પરંતુ એક દિવસ પછી બંગલાની અગાશી પર હેમરાજનો પણ મૃતદેહ મળી આવ્યો હતો, એટલે કે કેસ બન્યો બેવડી હત્યાનો.

હવે સમગ્ર કેસમાં જેને શંકાની નજરે જોવાયો એ હેમરાજનું નામ આરોપી તરીકે નીકળી ગયું. આશ્ચર્ય એ વાતનું થાય છે કે, કથિત હત્યારાની હત્યા થઈ જાય તો, તેણે આરુષિની હત્યા નહીં કરી હોય તેમ માની લેવાયું! તો? ત્યાર પછી અગાઉના ઘરનોકર તરીકે કામ કરતા વિષ્ણુ શર્માએ હત્યા કરી હશે એવું દિલ્હી પોલીસે વિચાર્યું. પણ આખરે તો શંકાસ્પદ ગણાયાં આરુષિના શિક્ષિત માતા-પિતા, હવે તેની પાછળનું કારણ એવું આપવામાં આવ્યું કે, આરુષિના માતા-પિતાએ આરુષિ અને હેમરાજને કઢંગી હાલતમાં જોઈ લીધાં હતાં... એટલે તેમણે પુત્રીની હત્યા કરી અને પછી નોકર હેમરાજની!

પુત્રી પર જબરદસ્તી કરનાર વ્યક્તિની પહેલી હત્યા કરે કે પહેલાં પુત્રીની કરે? અને આ ઘટનાના પણ પોલીસ કે સીબીઆઈને કોઈ પુરાવા હાથ તો નહોતા જ લાગ્યા! કોઈ 'જનક' પોતાની 'સુતા'ની હત્યા કરે? કોઈ માતા તેના સંતાનની આવી ક્રૂર રીતે હત્યા કરે? ૧૪ વર્ષની છોકરી પર શારીરિક અત્યાચાર કરનાર ઘરનોકરને તેઓ પોલીસને સોંપી કે તેને મારી નાખે? અને જો પુત્રી આરુષિએ હેમરાજને રાજીખુશીથી શરીર સંબંધ બાંધવા દીધો હોય તો પણ, એ કારણસર કયા મા-બાપ દીકરીનું ગળું ચીરીને મારી નાખે? સીબીઆઈ જજે ૨૫ નવેમ્બર, ૨૦૧૩ના રોજ સજા સંભળાવતાં કહ્યું કે, ''માતા-પિતા એ તો સંતાનના શ્રેષ્ઠ રક્ષક છે અને એ માનવ પ્રકૃતિનો આદેશ છે, પરંતુ તલવાર દંપતીએ સંતાનની હત્યા કરીને જુદો ઈતિહાસ રચ્યો છે'' અને આજીવન કેદની સજા ફટકારી દીધી!

એ પણ કોર્ટ હતી ત્યાં પણ વિદ્વાન જજ હતા અને સજાના પડકારનો કેસ ચલાવનાર અલાહાબાદ હાઈ કોર્ટમાં પણ વિદ્વાન ન્યાયમૂર્તિઓ હતા. તેમને તલવાર દંપતી વિરુદ્ધ આખા કેસમાં, એકપણ પુરાવો જોવા ન મળ્યો. અને તેમણે દંપતીને નિર્દોષ જાહેર કર્યાં. કારણ, સીબીઆઈ બનાવને લગતી રજૂઆત સાથે નક્કર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગઈ છે. આખા કિસ્સામાં શરૂઆતમાં પોલીસે સર્જેલો, કહેવાતો ગૂંચવાડો અને તપાસ એજન્સીના વિરોધાભાસી અર્થઘટનના કારણે સમસ્યા વધુ પડતી ગૂંચવાઈ હતી. પોલીસ પર પુરાવા ન સાચવવાની આકરી ટીકા પણ હાઈ કોર્ટે કરી! કારણ કે પોલીસની શોધખોળનાં તારણ અત્યંત વિરોધાભાસી હતાં,એવું જ સીબીઆઈએ કર્યું. તેમણે મનફાવે તેને આરોપી બનાવી ગુના કબૂલ પણ કરાવ્યા હતા, પરંતુ કોઈના પણ ડીએનએ, પરીક્ષણ કે આંગળાની છાપ ગુનાના સ્થળેથી મળી નહોતી.

હાઈ કોર્ટના તલવાર દંપતીને નિર્દોષ જાહેર કરતા ચુકાદામાં સ્પષ્ટ જણાવાયું છે કે, આરુષિ અને હેમરાજની હત્યામાં આરોપી દંપતી વિરુદ્ધ નાતો કોઈ સંજોગો (કારણ) કે ના પુરાવા હોતા હત્યામાં તેમનો હાથ હોવાનું માની શકાય તેમ નથી.

તો, પછી આરુષિ અને હેમરાજની હત્યા કરી કોણે?

## રાશિ કહે છે... ।। શુભમ્ ભવતુ ।। રાજેન મહેતા

rajen.mehta@bombaysamachar.com

શુક્રવાર, તા. ૧૩-૧૦-૧૭

- મેષ (અ, લ, ઇ): તમારો સમય સારો નથી. માટે ખોટા સાહસ કરશો નહીં. નહીતર દુસાહસમાં ફેરવાઇ જાય. તાણ અનુભવો.
- વૃષભ (બ, વ, ઉ): તમારા કાર્યક્ષેત્રે બનાવેલા આયોજન મુજબ કાર્ય બરાબર ચાલે સાથે આવકનાં સ્રોતમાં વધારો થાય.
- મિથુન (ક, છ, ઘ): તમારા કુટુંબમાં નાની નાની વાતમાં તકરાર થતા મનભેદ સર્જાય. બિનજરૂરી ધનખર્ચ થતા ચિંતા પ્રવર્તે.
- કર્ક (ડ, હ): તમારા દ્વારા એવું કાર્ય સંપન્ન થાય તેમાં હૃદય-મનની પ્રસન્નતામાં વધારો થાય.
- સિંહ (મ. ટ.): તમારું મન ખોટી રીતે ભટકતા કામકાજ પર ધ્યાન ન આપતા ભાગદોડ કરવી પડે ને આર્થિક વ્યય થાય.
- કન્યા (પ, ઠ, ણ): તમારા કાર્યક્ષેત્રે કરેલી મહેનતના વળતરમાં ધાર્યા કરતાં વધારે નાણાકીય નફો પ્રાપ્ત થાય.
- તુલા (ર, ત): તમારા કાર્યક્ષેત્રે રૂટિનમાં વધારો થઇ વિકાસ ને વિસ્તાર સંભવે, ફાયદો થાય. પ્રગતિ અનુભવો.
- વૃશ્ચિક (ન. ય): તમારા કાર્યક્ષેત્રની ગાડી પાટા પરથી ઊતરી જાય. કામકાજમાં અનિયમિતતા સર્જાય. અશાંતિ પ્રવર્તે.
- ધનુ (ભ, ફ, ધ, ઢ): તમારા બનાવેલા સિદ્ધાંતમાં ફેરફાર કરવો પડે તેથી મુસીબત આવે. પોતાની વ્યક્તિ જ છેતરી જાય.
- મકર (ખ, જ): તમારા કાર્યક્ષેત્રે આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય તેવા લાભદાયી નફાકારક ઓર્ડરો મળે.
- કુંભ (ગ, સ, ષ, શ): તમારા કાર્યક્ષેત્રે સમજદારીથી પગલાં ભરશો. હરીફો પ્રતિસ્પર્ધીને ટક્કર આપશો. યશ મળે.
- મીન (દ, ચ, ઝ, થ): તમારા તર્ક અને વ્યર્થ દલીલને કારણે વર્તુળમાં ઉપેક્ષા થાય. તેમ જ કાર્યક્ષેત્રે તકલીફ અનુભવો.

## એક્સ્ટ્રા અફેર

રાજીવ પંડિત rajeev.pandit@bombaysamachar.com

# નો વન કિલ્ડ આરુષિ?

**આ** દેશમાં દરરોજ હજારો લોકોની હત્યા થાય છે અને તેમાંથી ઘણાં કમનસીબ એવાં હોય છે કે જે પોતાની જિંદગી જીવવાની શરૂઆત કરે તે પહેલાં તો ઉપર પહોંચી જાય છે. આ પૈકીના મોટા ભાગના લોકોના મોતની કોઈ નોંધ પણ લેતું નથી. સ્થાનિક અખબારોમાં એકાદ ફકરામાં ક્યાંય ખૂણેખાંચરે તેમની હત્યાના સમાચાર છપાઈ જાય તો તેમનાં નસીબ, બાકી કોઈને ખબર પણ પડતી નથી કે આવા કોઈ લોકો દુનિયામાં હતા ને હવે નથી. હત્યાની બહુ ઓછી ઘટનાઓ એવી હોય છે કે જેને જબરદસ્ત પ્રસિદ્ધિ મળે ને રાષ્ટ્રીય સ્તરે જેની નોંધ લેવાય. ઉત્તર પ્રદેશના નોઈડામાં થયેલી આરુષિ તલવાર અને હેમરાજની હત્યા આ કેટેગરીમાં આવે. છેલ્લા કેટલાક સમયથી જે શબ્દપ્રયોગ બહુ પ્રચલિત બન્યો છે તેવો મીડિયા ટ્રાયલ પણ આ કેસમાં ચાલેલો ને આ કેસને જે પ્રસિદ્ધિ મળી તેટલી પ્રસિદ્ધિ ભાગ્યે જ બીજી કોઈ હત્યાના કેસને મળી હશે.

આરુષિ તલવારની ૧૫ મે, ૨૦૦૮ના રોજ હત્યા થઈ હતી ને આ ઘટનાને નવ વરસ કરતાં વધારે સમય થઈ ગયો છે. આ હત્યાની વાત અચાનક ફરી માંડવાનું કારણ શું એ તમને ખબર છે. આરુષિ તલવારની હત્યા બદલ તેનાં માતાપિતા ડૉ. રાજેશ તલવાર અને નૂપુર તલવારની ધરપકડ થયેલી ને તેમની સામે પોતાની જ સગી દીકરીને પતાવી દેવાના આરોપો મુકાયેલા. બંને છેલ્લાં છ વર્ષથી જેલની હવા ખાતાં હતાં. તલવાર દંપતીને સીબીઆઈ કોર્ટે દીકરીની હત્યા માટે આજીવન કારાવાસની સજા પણ ફટકારેલી. બંનેએ તેની સામે હાઈ કોર્ટમાં અપીલ કરી ને ગુરુવારે અલાહાબાદ હાઈ કોર્ટે બંનેને નિર્દોષ છોડી મૂક્યાં.

આરુષિ હત્યા કેસમાં કોઈ ફિલ્મી થ્રીલરમાં જોવા મળે તેવી તમામ ખૂબી હતી ને તેના કારણે તે મીડિયાનું ધ્યાન ખેંચી શક્યો. આરુષિની હત્યા થઈ એ વખતે તેની ઉંમર માત્ર ૧૩ વર્ષની હતી ને બે દિવસ પછી તેનો ૧૪મો જન્મદિન હતો. તલવાર દંપતીના ઘરમાં હેમરાજ નામનો નોકર રહેતો ને મીડિયામાં આવેલી સ્ટોરીઝ પ્રમાણે હેમરાજ તથા આરુષિને શારીરિક સંબંધો હતા. તલવાર દંપતીને તેની જાણ થઈ ગઈ ને તેમણે દીકરીને પતાવી દીધી. હેમરાજ અને આરુષિ વચ્ચે શારીરિક સંબંધો બંધાયા તે માટે પણ એક થિયરી વહેતી કરાયેલી. આ થિયરી એવી હતી કે આરુષિના પિતા રાજેશ તલવારને તેમની સાથે કામ કરતી બીજી ડૉક્ટર મહિલા સાથે લગ્નેતર સંબંધો હતા. હેમરાજને તેની જાણ થઈ હતી ને તે આ વાત જાહેર કરી દેવાની ધમકી આપીને આરુષિને બ્લેકમેઈલ કરતો હતો. તેના કારણે તલવાર દંપતીએ બંનેને પતાવી દીધાં. એક વાત એવી છે કે હેમરાજે તલવાર અને તેમની ડૉક્ટર મિત્ર વચ્ચે લગ્નેતર સંબંધો છે તેવી ખોટી વાત ફેલાવીને આરુષિને ભોળવી હતી ને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ બધી વાતોમાં ખરેખર સાચું શું તે ખબર નથી પણ તેના કારણે મીડિયાને તેમાં ભારે રસ પડી ગયો હતો. મીડિયાને રસ પડે ને કેસ ચગે એટલે બોલીવૂડને પણ રસ પડી જતો હોય છે ને બોલીવૂડમાં આ કેસ પરથી બે-ત્રણ ફિલ્મો બની ગયેલી. આ ફિલ્મોમાંથી એકેયમાં ભલી વાર નહોતી એ અલગ વાત છે.

ખેર, અત્યારે આપણે એ કેસની જૂની વાતો નથી માંડવી ને આ ચુકાદાએ ઊભા કરેલા સવાલોની વાત કરવી છે. આરુષિ કેસના ચુકાદા પછી સૌથી મહત્ત્વનો સવાલ એ છે કે રાજેશ તલવાર અને તેની પત્ની નૂપુરે આરુષિની હત્યા નહોતી કરી તો આખરે આ હત્યા કોણે કરી ? આ સવાલનો જવાબ હું કે તમે આપી શકીએ તેમ નથી કેમ કે આ આપણું કામ નથી. ને જેમણે આ કામ કરવાનું હતું ને આરુષિના હત્યારા કોણ એ શોધવાનું હતું પણ એ લોકો એ કામ ના કરી શક્યા. પહેલાં ઉત્તર પ્રદેશની પોલીસ પાસે તપાસ હતી ને પોલીસે ધોળકું ધોળ્યું. પછી સીબીઆઈ પાસે તપાસ હતી ને તેણે પણ ધોળકું જ ધોળ્યું એવું કહી શકાય કેમ કે આટલી લાંબી તપાસ ને આટલી બધી જફા પછી ખરેખર કોઈને સજા તો થઈ જ નથી. નવ વરસ લગી આ કેસનું ચક્કર ચાલ્યું ને છેવટે ક્યાં ગ્યા તા ક્યાંય નહીં ને શું લાવ્યા કાંઈ નહીં જેવો ઘાટ થઈને ઊભો રહી ગયો છે. આરુષિની જેમ જ બહુ ગાજેલો મોડલ જેસિકા લાલની હત્યાના કેસનો ચુકાદો આવ્યો ને કોર્ટે બધાંને છોડી મૂક્યા એ વખતે દિલ્હીના એક અખબારે બહુ અફલાતૂન હેડલાઈન મારેલી, નો વન કિલ્ડ જેસિકા. મતલબ કે કોઈએ જેસિકાને મારી નહોતી. અત્યારે પણ એ જ હાલત થઈને ઊભી રહી ગઈ છે ને આરુષિને કોઈએ નહોતી મારી તેવો કટાક્ષ કરવો પડે તેવી હાલત છે.

આરુષિની હત્યાના ચુકાદાએ આપણને એક વાત વિચારવા મજબૂર કર્યા છે કે આપણી કહેવાતી તપાસ એજન્સીઓ ખરેખર કશું કેમ કરી શકતી નથી ? સીબીઆઈએ પકડેલાં તલવાર દંપતીને હાઈ કોર્ટે છોડી મૂક્યાં પછી તો એવી શંકા પેદા થાય કે, આપણી તપાસ એજન્સીઓ મોટા ભાગના કેસોમાં આ જ ખેલ કરતી હશે કે શું ? મતલબ કે ગમે તેને ફિટ કરીને અંદર કરી દેતી હશે કે શું ? તલવાર દંપતી તો ખાધેપીધે સુખી છે ને ડૉક્ટર તરીકેની પ્રેક્ટિસમાં જાડો રૂપિયો કમાઈને બેઠું છે તેથી એ લોકો તો હાઈ કોર્ટ સુધી લડી શક્યાં પણ સામાન્ય લોકો બિચારાં ના લડી શકે. આ સંજોગોમાં પોલીસ કે સીબીઆઈ કે બીજી તપાસ એજન્સીઓ તેમને ઉઠાવીને અંદર કરી નાંખે તો એ લોકો શું કરી શકવાનાં ? આરુષિ કેસનો ઘટનાક્રમ જોયા પછી તો એવી શંકા થઈ ગઈ છે કે આપણે ત્યાં જેમને પણ સજા કરાતી હશે એ પૈકી મોટા ભાગના લોકોના કેસમાં જાડો નર શોધીને શૂળીએ ચડાવવાની અંધેર નગરીની વાર્તામાં થતું એવું જ થતું હશે.

આરુષિ કેસના ચુકાદાએ પાછો પેલો સવાલ પણ ફરી લાવીને મૂકી જ દીધો છે કે, આપણે ત્યાં ન્યાયતંત્રમાં આવી વિસંગતતા કેમ છે ? એક જ કેસમાં બે અદાલતોના ચુકાદા અલગ અલગ કેમ હોય છે ? નીચલી કોર્ટ કે સીબીઆઈ કોર્ટ જે પુરાવાને માન્ય રાખે તે જ પુરાવા હાઈ કોર્ટને સજા કરવાલાયક નથી લાગતા એમ કેવું ? ને સૌથી મહત્ત્વનો સવાલ એ જ છે કે પૈસાદાર લોકો આરોપી હોય તેમના કેસોમાં જ આવું કેમ થાય છે ?

આવું ભૂતકાળમાં સંખ્યાબંધ કેસોમાં થયું છે ને દરેક કેસમાં એક સમાનતા એ હોય છે કે આરોપી વગદાર માણસ જ હોય છે. નીચલી કોર્ટ તેને પુરાવાના આધારે દોષિત ઠેરવે ને પછી હાઈ કોર્ટ એ જ પુરાવાને નબળા ગણાવીને તેમને છોડી મૂકે. જયલલિતાના કેસમાં એવું થયેલું ને સલમાન ખાનના કેસમાં પણ એવું જ થયેલું. બીજાં ઘણાં નામો આપી શકાય પણ આપણે એ ચોપડો ખોલીને નથી બેસવું. મૂળ મુદ્દો એ જ છે કે આ રીતે પૈસાદાર કે વગદાર લોકોના કેસમાં જ ચુકાદા કેમ બદલાઈ જાય છે ? સાલુ આ સમજાય જ નહીં એવી વાત છે ને તેનો અર્થ એક જ થાય કે કાં નીચલી કોર્ટમાં બધુ પોલંપોલ છે કે પછી હાઈ કોર્ટમાં બધું પોલંપોલ છે. એ સિવાય એક કોર્ટ દ્વારા માન્ય પુરાવા બીજી કોર્ટ કઈ રીતે નકારી શકે ?

સામાન્ય લોકોને આ સવાલના જવાબ ખબર છે પણ કમનીસીબી એ છે કે આ જવાબ જાહેરમાં બોલી શકાતો નથી પણ તેના કારણે ન્યાયતંત્રની વિશ્વસનીયતા સામે સવાલો તો પેદા થાય જ છે. એક જ કેસમાં અલગ અલગ અદાલતો અલગ અલગ ચુકાદા આપે છે તેના કારણે ન્યાયના નામે રીતસરના તાયફા ચાલે છે એવી લાગણી પ્રબળ બનતી જાય છે. ખરેખર ન્યાય કરવાના બદલે ન્યાયતંત્રમાં બેઠેલા લોકો ન્યાય નથી કરતા તેવી શંકા જાગે તેવો માહોલ થઈ ગયો છે. કમનસીબી એ છે કે એ છતાં આ બધું રોકાતું નથી ને આ શંકા વધારે ને વધારે મજબૂત બને તેવા ચુકાદા આવ્યા જ કરે છે. આરુષિ કેસનો ચુકાદો આ ચુકાદાઓમાં વધુ એકનો ઉમેરો કરે છે ને આ ચુકાદા અંતિમ નથી. હજુ આવા ચુકાદા આવ્યા જ કરશે ને આપણે આવા બળાપા કાઢવા સિવાય બીજું કશું કરી શકીએ તેમ નથી.

## સુખનો પાસવર્ડ

આશુ પટેલ ashu.patel@bombaysamachar.com

# માણસો કરતા વધુ ભરોસો ઈશ્વરમાં રાખવો જોઈએ

## બાદશાહથી અસલામતી અનુભવી રહેલા વજીરને એક સંતે આવી સલાહ આપી

**સૂફી** સંત શેખ સાદીની એક કથા છે.

એક બાદશાહનો વજીર સતત અસલામતી અનુભવતો હતો. તેને લાગતું હતું કે કોઈ કારણથી બાદશાહ તેના પર નારાજ ન થઈ જાય.

તે વજીર એક વાર એક સંતને મળવા ગયો. તેણે તે સંતને કહ્યું કે મને તમારી દુઆ જોઈએ છે. હું સતત બાદશાહની રહેમ નજર મારા પર રહે એ માટે તેમની ખિદમત કરતો રહું છું. બાદશાહ મારી કદર કરશે એવી આશા પણ મને બંધાઈ છે. છતાં હું સતત અસલામતી અનુભવું છું.

સંતે કહ્યું, 'કયા કારણથી તમે અસલામતી અનુભવો છો?'

વજીરે કહ્યું, 'ક્યારેક કોઈ કારણથી બાદશાહ મારા પર નારાજ થઈ જશે એવા ભયને કારણે હું અસલામતી અનુભવું છું. આ અસલામતીને કારણે મારા મનને ક્યાંય ચેન પડતું નથી એટલે મારા માટે દુઆ કરો.'

સંતને વજીર ભલો માણસ લાગ્યો. તેમને લાગ્યું કે તેને સાચો માર્ગ બતાવવો જોઈએ.

સંતે થોડી પળોના મૌન પછી કહ્યું, 'તમે બાદશાહની ખિદમત કરો છો, પણ એમાં તમારી ભારોભાર લાલચ છે. બાદશાહ તમારી કદર કરશે એવી તમને લાલચ છે. કોઈ માણસ કોઈની ખિદમતનો બદલો મર્યાદિત રીતે જ આપી શકે છે. બીજી બાજુ તમને ડર છે કે કોઈ કારણથી બાદશાહ તમારા પર નારાજ થઈ જશે તો? તમારી આ લાલચ અને તમારો આ ડર બંને અયોગ્ય છે, કારણ કે માનવી કોઈને સારું કે ખરાબ ફળ આપવામાં નિમિત્ત માત્ર બનતો હોય છે. કોઈને શું આપવું એ તો ઉપરવાળો નક્કી કરતો હોય છે. એટલે તમે બાદશાહને રાજી રાખવાને બદલે તેમના પર પણ જેમની સલ્તનત ચાલે છે એવા ઈશ્વરને ખુશ રાખવા સારા કામો કર્યા હોત તો ઈશ્વરની રહેમ તમને આપોઆપ પ્રાપ્ત થઈ હોત.

શેખ સાદીની આ બોધકથાનો સાર એ છે કે ભૌતિક રીતે આપણાથી ચડિયાતા માણસોની ખુશામત કરીને કંઈક બદલો મેળવવાની આશા રાખવા કરતાં ઉપરવાળામાં ભરોસો રાખવો જોઈએ.

# પ્રજામત

### રેલવેની બેદરકારી, પ્રવાસીને પરેશાની

અમે ભૂજથી દાદર માટે કચ્છ એક્સપ્રેસમાં એ.સી.ની રિઝર્વેશન ટિકિટ કઢાવેલી. અમને બી-૩ કોચમાં ૫૮,૫૯,૬૩ નંબરની કન્ફર્મ રિઝર્વેશન મળેલી, જ્યારે અમે ભૂજથી ટ્રેનમાં ચઢ્યા તો બી-૩ કોચમાં સીટ નંબર ૬૩-૬૪ હતી જ નહીં તો એની જગ્યાએ સ્ટોરેજની કેબિન હતી. મેં સ્ટેશન માસ્ટરને પૂછતા એણે બી-૧ કોચમાં ૬૩ની જગ્યાએ ૪૯ અને ૬૪ની જગ્યા એ ૨૪ નંબરની સીટ ફાળવી, પછી કહ્યું સીટ અવેલેબલ હતી એટલે મળી નહીં તો ન મળતે... તો શું રિઝર્વેશનના રૂપિયા આપવા છતાં સીટ ન મળે? જ્યારે રેલવે સત્તાવાળાને ખબર છે કે ટ્રેનના બી-૩ કોચમાં ૬૩-૬૪ નંબરની સીટ જ નથી તો રિઝર્વેશન કેમ ફાળવો છો? કે પછી રેલવે સત્તાવાળાને એની ખબર જ નથી? શું આટલી બધી ગેરજવાબદારી? શું હવે રેલવે સત્તાવાળાની ઊંઘ ઊડશે અને બી-૩ કોચમાં સીટ નંબર ૬૩-૬૪ને કોમ્પ્યુટરમાંથી ડિલિટ કરશે કે હજી પણ પ્રજાને હેરાન કરતા રહેશે?

– રાજકુમાર ગાંગજી ગાલા
એમ. જી. રોડ, ઘાટકોપર,
મુંબઈ-૭૭.

### પાણી પહેલાં પાળ બાંધો

મોટાભાગના દ્વીચક્રી વાહનચાલકો પોતાના આગળના ભાગમાં યા પાછળ બાળકોને બેસાડે છે. હવાને લીધે તેમને ઊંઘ આવવાની શક્યતા વધી જાય છે. તેમ જ બીજા વાહનનો ધક્કો લાગે તો બાળક તેનો પહેલો ભોગ બને છે. આવા અકસ્માતો ટાળવા માટે વાહનચાલકે બાળકને પોતાની સાથે ઈલાસ્ટિક પટ્ટા દ્વારા જકડીને રાખવા જોઈએ જેથી ગમે તે સંજોગોમાં તેઓ વાહન પરથી ફેંકાઈ ન જાય. દ્વીચક્રી વાહનચાલકે પાણી પહેલાં પાળ બાંધવાની જરૂર છે.

ભરત એમ. મહેતા
એસ. વી. રોડ, બોરીવલી (પ.),

### શહેરનો ટ્રાફિક: થોડી ફરજ, થોડી સાવચેતી

હમણાં તહેવારોના દિવસોમાં દરેક લોકોને ટ્રાફિકનો ખાસ સામનો કરવો પડે છે. તેમાં વધારે મુશ્કેલી ફોર વ્હિલરને કારણે થાય છે. આના માટે આપણે પોતે થોડું સમજીએ તો જરૂર ફરક પડશે!

આજકાલ લોકો પોતાની પ્રાઈવેટ ગાડી મારફત સફર કરતા હોય છે, પણ બને તો આપણે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીએ તો જરૂર સારું રહેશે. હમણાં ભાડે મળતી ટેક્સીઓની ખૂબ સારી સગવડ છે. લોકો પોતાના બિલ્ડિંગની નીચે ઊભા રહીને ત્યાં જ ટેક્સી મંગાવે છે, ભલે તે નાની ગલ્લી હોય કે વન-વે હોય, પણ જો શક્ય હોય તો થોડું ચાલીને મેન રોડ પર જઈએ તો સમયની ઘણી જ બચત થશે અને ટ્રાફિકનો ભરાવો પણ અટકશે. ખાસ વિનંતી સરકારને છે કે જે રોડ બંધ હોય અથવા વન-વે હોય ત્યાં શાસન પ્રોપર બોર્ડ મૂકે અને માર્ગદર્શન આપે જેથી કરીને વાહનવ્યવહારને તકલીફ ન પડે. અમુક જગ્યાએ સિગ્નલો બંધ હોય છે અને જ્યાં સિગ્નલો ચાલુ હોય ત્યાં એના નિયમો પાળવામાં નથી આવતા. આનાથી પણ ટ્રાફિક થાય છે. આમાં એમ્બ્યુલન્સ અથવા ફાયરબ્રિગેડને ઝડપથી પસાર થવામાં ખૂબ જ અગવડ પડે છે. આપણે બધો જ વાંક સરકારનો કાઢીશું તો એ યોગ્ય નથી, થોડી ફરજ તો આપણી પણ છે!

– હસમુખ ખીમજીભાઈ શાહ
ખાડિલકર રોડ, ગિરગામ,
મુંબઈ-૪.

### સૌથી ઊંચા રાષ્ટ્રધ્વજની ઘેલછા શા માટે?

ગત ૧૪મી ઑગસ્ટે લોકાર્પણ કરાયેલ વડોદરાસ્થિત, રાજ્યનો સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજ પાંચમી વાર ફાટી જવાના સમાચાર વાંચ્યા. આવી જ રીતે વાઘા બોર્ડર નજીક ઊંચાઈએ ફરકાવેલ રાષ્ટ્રધ્વજ પણ એક કરતાં વધુ વાર ફાટી જવાના સમાચારો પણ જોવા મળ્યા છે.

આ તબક્કે પ્રશ્ન થાય છે કે શું રાષ્ટ્રધ્વજને આભને આંબતી ઊંચાઈએ ફરકાવવાથી કોઈ લક્ષ્યની પ્રાપ્તિ થાય છે? રાષ્ટ્રધ્વજની આન, બાન અને શાન દેશના નાગરિકોની ઉચ્ચતમ વર્તણૂક થકી જળવાય છે. વળી, એ વાત જગજાહેર છે કે આકાશમાં ઉપર જતાં, વાતાવરણમાં હવાના દબાણમાં નોંધપાત્ર બદલાવ આવે છે અને ઝડપી પવન પણ હોવાથી રાષ્ટ્રધ્વજ વારે ઘડીએ ફાટી જવાના બનાવો સ્વાભાવિક રીતે બને છે. આ એવી કુદરતી ઘટના છે. જે પામર માનવીને સંકેત આપે છે કે માનવી ભલે લાખ ચતુરાઈ કરે પણ તે કુદરત પાસે લાચાર છે.

જ્યારે ભૂતકાળમાં, ભારતમાતાનાં સંતાનોએ આપણા રાષ્ટ્રધ્વજને હિમાલયની ટોચે અને ચંદ્રમાની ધરતી પર ફરકાવવાનું બીડું સફળતાપૂર્વક હાંસલ કર્યું છે ત્યારે ધરતી પર તેને સૌથી ઊંચી જગ્યાએ ફરકાવવાની ઘેલછા શા માટે?

– કિશોરકુમાર જીવણદાસ વેદ
બોરીવલી (પ.),
મુંબઈ-૯૨.

### રાષ્ટ્રીય સ્મારકોની જાળવણી થતી જ નથી

ફક્ત ગાંધીજી જ નહીં, પરંતુ અનેક મહાપુરુષોના રાષ્ટ્રીય સ્મારકોની યોગ્ય રીતે જાળવણી થતી જ નથી. આવા સ્મારકો બનાવીને આપણે આપણા મહાપુરુષોની અવગણના કરતા હોઈએ એમ લાગે છે. જ્યારે ચલણી નૉટો પર જ બાપુને જોવા મળે છે તો પછી સ્મારક જોવાની કોને પડી છે! જ્યાં જ્યાં બાપુનાં સ્મારકો છે તેમને સુશોભિત કરી જોવાલાયક સ્થળોમાં તેમનો સમાવેશ કરવો જોઈએ. પૂ. બાપુની સ્મૃતિઓ મણીભવન ગામદેવી ખાતે સચવાયેલી છે છતાં આપણી મુંબઈમાં જ લોકોને તે જોવાનો સમય નથી. જુહુ ચોપાટી ખાતે ત્યારે બાપુનું પૂતળું જોવા મળ્યું ત્યારે ફક્ત પૂતળું જ હતું. થોડા વખત બાદ તેમાં બદલાવ કરીને સુશોભિત કર્યું છે. છતાં જુહુ ફરવા આવનાર કેટલા લોકો પૂ. બાપુનાં દર્શન કરતા હશે? તે ઉપરાંત ગિરગામ ચોપાટી ખાતે બાળ ગંગાધર તિલકનું પૂતળું છે જે બગીચામાં છે અને ઈન્ડિયન આર્યન શાળાના જ વિદ્યાર્થીઓ પ્રભાતફેરી કાઢી તેમના પૂતળા પાસે જઈ તેમની જયંતી ઊજવે છે. રીગલ પાસે, કાળા ઘોડા પાસે, સચિવાલય પાસે પણ અનેક પૂતળાં છે, પરંતુ તેમના ઉપર કાગડાઓ બેસે છે અને ચરકે છે. આ પૂતળાઓની જો સાચવણી કરવી ન હોય તો આવા સ્મારકો બનાવવા કરતાં જૂનાને જ આકર્ષક બનાવી જોવાલાયક સ્થળોમાં ફેરવવા જોઈએ. ગેટ વે ઑફ ઈન્ડિયા આગળ છત્રપતિ શિવાજીનું પૂતળું એટલું ઊંચું છે કે શિવાજી જયંતી વખતે સીડી લઈને હારતોરા પહેરાવાય છે. સ્મારકો એવા હોવા જોઈએ કે જેને જોતાં જ નમન કરવાનું મન થાય.

– શકુંતલા પારેખજી
ચોપાટી વ્યુ, ચોપાટી, મુંબઈ-૭.

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા મિત્રોને ખાસ વિનંતી કે ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ અને ટેલિફોન નંબર અચૂક લખવો. એડ્રેસ અને ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## આજનું પંચાંગ: શુક્રવાર, તા. ૧૩-૧૦-૧૭ (દક્ષિણાયન સૌર શરદઋતુ) મંગળ કન્યામાં, બુધ તુલામાં

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

● ભારતીય દિનાંક ૨૧, માહે આશ્વિન, શકે ૧૯૩૯ ● વિક્રમ સંવત ૨૦૭૩, શા. શકે ૧૯૩૯, આશ્વિન વદ-૯ ● જૈન વીર સંવત ૨૫૪૩, માહે આશ્વિન, તિથિ વદ-૯ ● પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૮૭ ● પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૮૭ ● પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૮૬ ● મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૩૯ ● મીસરી રોજ ૨૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૩૯ ● નક્ષત્ર: પુનર્વસુ સવારે ક. ૦૭-૪૫ સુધી, પછી પુષ્ય ● ચંદ્ર: કર્કમાં ● ચંદ્ર રાશિ નામાક્ષર: કર્ક (ડ, હ) ● સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૩૩ અમદાવાદ ક.૦૬ મિ. ૩૬ સ્ટા. ટા. ● સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૮ મિ. ૧૬ અમદાવાદ ક. ૧૮ મિ. ૧૫ સ્ટા. ટા. ● મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ભરતી: સાંજે ક. ૧૭-૩૯. ● ઓટ: બપોરે ક. ૧૨-૩૧, મધ્યરાત્રે ક. ૦૦-૩૯ (તા. ૧૪) ● વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૭૩, 'કીલક' નામ સંવત્સર. શાલિવાહન શક ૧૯૩૯, 'હેમલંબી' નામ સંવત્સર પ્રારંભ, દક્ષિણાયન-શરદઋતુ, આશ્વિન વદ-નવમી, મંગળ કન્યામાં ક. ૧૬-૦૨, બુધ તુલામાં ક. ૨૩-૫૨. ● શુભાશુભ દિન શુદ્ધિ: શુભ કાર્ય વર્જ્ય છે. ● મુહૂર્ત વિશેષ: રિક્તા તિથિ છતાંય પુષ્ય નક્ષત્રમાં ચોપડા બાંધવા આપવાના મુહૂર્ત સવારે ક. ૦૭-૪૫ થી મધ્યરાત્રિ પછી સવારે ક. ૦૬-૫૩, (તા. ૧૪મી સુધી), પુષ્ય નક્ષત્ર મુહૂર્ત સમય આ પ્રમાણે છે. (૧) સવારે ક. ૦૭-૪૫ થી ક. ૦૮-૦૧ (ચલ) (૨) સવારે ક. ૦૮-૦૧ થી ક. ૦૯-૨૯ (લાભ) (૩) સવારે ક. ૦૯-૨૯ થી ક. ૧૦-૫૭ (અમૃત) (૪) બપોરે ક. ૧૨-૨૫ થી ક. ૧૩-૫૩ (શુભ) (૫) સાંજે ક. ૧૬-૪૯ થી ક. ૧૮-૧૬ (ચલ) (૬) રાત્રે ક. ૨૧-૨૧થી ૨૨-૫૩ (લાભ). ઈન્દ્ર દેવતાનું પૂજન, ઈન્દ્રાણી પૂજન, માતા દુર્ગા સરસ્વતીનું પૂજન શ્રેષ્ઠ છે. પશ્ચિમનો પ્રવાસ રાઈ ખાઈ પ્રારંભવો. શનિ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, સપ્તષતી પાઠ વાંચન, સર્વશાંતિ પૂજા, દસ્તાવેજ, બી વાવવું, ખેતીવાડી, પશુ લે-વેચ, શ્રી વિષ્ણુપૂજા. ● આચમન: ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અસ્થિર મન, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ આંતરસ્ફૂરણા અધિક ● ખગોળ જ્યોતિષ: ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ. ● વદ નવમીનો ચંદ્રોદય: મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૦ (તા. ૧૪મી), વદ નવમીનો ચંદ્રાસ્ત બપોરે ક. ૧૩-૫૦. ● ગ્રહગોચર: સૂર્ય-કન્યા, મંગળ-સિંહ/કન્યા, બુધ-કન્યા/તુલા, ગુરુ-તુલા, શુક્ર-સિંહ, શનિ-વૃશ્ચિક, રાહુ-કર્ક, કેતુ-મકર, વક્રી હર્ષલ-મેષ, નેપ્ચ્યૂન-કુંભ, પ્લુટો-ધનુ.